ઈસ્લામની રાજકીય વ્યવસ્થાની વિશેષતાઓ

(૧) આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા :

ઈસ્લામની રાજકીય વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા છે. તેની વૈશ્વિકતાનો પુરાવો સ્વયં ઈસ્લામ આપે છે, કેમ કે ઈસ્લામ એક વૈશ્વિક ધર્મ છે. આ વ્યવસ્થા કોઈ વિશેષ યુગ અને સ્થળ માટે વિશિષ્ઠ નથી, બલ્કે તેનું અમલીકરણ દરેક સ્થળે અને દરેક યુગમાં યોગ્ય રીતે થઈ શકે છે. ઈસ્લામે એ આલિમો (ધાર્મિક વિદ્વાનો)ને – જેઓ દલીલોના પ્રકાશમાં નિષ્કર્ષ કાઢવામાં નિષ્ણાત છે – નવી-નવી સમસ્યાઓ અને મામલાઓમાં સંશોધન કરવા અને તેની સમજૂતી અને અર્થઘટનનો હક્ક આપ્યો છે, એ રીતે કે તે ઈસ્લામના હેતુઓને પૂરા કરે અને સામાન્ય ઈસ્લામી આદેશોના વર્તુળમાં હોય. ઈસ્લામના આદેશો બે રીતે દર્શાવવામાં આવ્યા છે :

૧ – સ્પષ્ટ વિસ્તૃત આદેશો : એ આદેશો, જેનું પ્રમાણ કુર્આનની કોઈ સ્પષ્ટ આયતથી મળતું હોય અને જેના અર્થમાં કોઈ મતભેદ ન હોય, અથવા જેનું પ્રમાણ સહીહ હદીસોમાંથી મળતું હોય. તેમાં કોઈપણ પ્રકારના વધારા-ઘટાડા માટે 'ઈજ્તિહાદ' (વિશિષ્ઠ ચિંતન-મનન અને કોશિશ)નો અવકાશ નથી, જેમ કે નમાઝ, ઝકાત, હજ્જ અને વારસા વગેરેના કેટલાક આદેશો.

૨ – એવા આદેશો, જેની દલીલ કુર્આનની કોઈ આયતમાં હોય, પરંતુ તેના અર્થ અને અર્થઘટનમાં આલિમોનો મતભેદ હોય; અથવા ઝઈફ (કમજોર, ગરીબ) હદીસથી દલીલ આપવામાં આવી હોય, અથવા હદીસ તો સહીહ હોય, પરંતુ તેના કોઈ એક અર્થમાં બધા આલિમો સહમત ન હોય; અથવા એવા મામલાઓના આદેશો હોય જેનો સંબંધ અમુક ફિક્હી કાનૂનોથી હોય. એવા મામલાઓમાં ઈજ્તિહાદ કરવાવાળા આલિમોને પોતાનો મત પ્રગટ કરવાનો હક્ક છે, જેનાથી કોઈ વિશેષ સ્થળ કે કોઈ વિશેષ સમયમાં ઈસ્લામી સમાજના હિતો પૂરા થતા હોય, સાથે-સાથે શરીઅતનો મૂળ આત્મા બાકી રહે અને શરીઅતના એ હેતુઓ પણ પ્રાપ્ત થાય, જેમાં લોકોની ભલાઈ અને કલ્યાણ હોય.

(૨) વ્યક્તિ અને સમાજ વચ્ચે પરસ્પર સહયોગ :

ઈસ્લામી વ્યવસ્થામાં વ્યક્તિ અને સમાજનો સંબંધ પરસ્પર સહયોગનો હોય છે. ઈસ્લામ એ વિચારધારાઓ અને દૃષ્ટિકોણોનું સમર્થન નથી કરતો, જેનાથી વ્યક્તિ અને સમાજની વચ્ચે ટકરાવ ઊભો થાય. કેટલાક દૃષ્ટિકોણો વ્યક્તિને સમાજ પર પ્રાધાન્યતા આપે છે, જેમ કે મૂડીવાદી વ્યવસ્થા. કેટલાક સમાજને વ્યક્તિ પર પ્રાધાન્યતા આપે છે, જેમ કે સામ્યવાદ. જ્યારે ઈસ્લામ આ બંનેની વચ્ચે સંતુલન રાખે છે. આમ, ઈસ્લામ વ્યક્તિગત જવાબદારીનો સ્વીકાર કરે છે, જેમાં દરેક વ્યક્તિ પોતાના કામ માટે જવાબદાર છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

www.uzairfalahi.com

﴿ أَلَّا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ ﴿٣٨﴾ وَأَن لَّيْسَ لِلْإِنسَانِ إِلَّا مَا سَعَىٰ ﴿٣٩﴾ ﴾ النجم: ٣٨ – ٣٩

અનુવાદ : ''એ કે કોઈ બોજ ઉઠાવનાર બીજાનો બોજ નહીં ઉઠાવે, અને એ કે માનવી માટે કંઈ નથી, પણ જેની તેણે કોશિશ કરી છે.'' (સૂરઃ નજ્મ, આ.૩૮-૩૯)

ઈસ્લામ વ્યક્તિને પ્રોત્સાહિત કરે છે કે તે સમાજની સાથે સુસંગત હોય અને તેને સામે રાખીને પોતાની જવાબદારી નિભાવે, ભલાઈ ફેલાવે અને બૂરાઈથી રોકે. આમ, વ્યક્તિના શિરે પોતાના માટેની અને સમાજની ઘણી જવાબદારીઓ છે, જેને અદા કરવું ખૂબ આવશ્યક છે.

ઈસ્લામ સામૂહિક જવાબદારી પર પણ ભાર મૂકે છે. તેથી ભલાઈની આજ્ઞા કરવા અને બૂરાઈથી રોકવાને અનિવાર્ય કર્તવ્ય ઠેરવેલ છે. રસૂલુલ્લાહ ﷺ એ સામૂહિક જવાબદારીનું ઉદાહરણ આ હદીસમાં આપ્યું છે :

«مِثْلَ الْقَائِمِ عَلَى حُدُودِ اللهِ وَالْوَاقِعِ فِيهَا كَمَثَلِ قَوْمٍ اسْتَهَمُوا عَلَى سَفِينَةٍ فَأَصَابَ بَعْضُهُمْ أَعْلاَهَا وَبَعْضُهُمْ أَسْفَلَهَا فَكَانَ الَّذِينَ فِي أَسْفَلِهَا إِذَا اسْتَقَوْا مِنَ الْمَاءِ مَرُّوا عَلَى مَنْ فَوْقَهُمْ فَقَالُوا: لَوْ أَنَّا خَرَقْنَا فِي نَصِيبِنَا خَرْقًا وَلَمْ نُؤْذِ مَنْ فَوْقَنَا فَإِنْ يَتْرُكُوهُمْ وَمَا أَرَادُوا هَلَكُوا جَمِيعًا وَإِنْ أَخَذُوا عَلَى أَيْدِيهِمْ نَجَوْا وَنَجَوْا جَمِيعًا» (صحيح بخاري)

અર્થાત્, અલ્લાહની નિર્ધારિત કરેલ હદો પર કાયમ રહેવાવાળા અને તેમાં ઘૂસી જવાવાળા (અર્થાત્ તેનું ઉલ્લંઘન કરવાવાળા)નું ઉદાહરણ એવા લોકોનું છે, જેમણે એક નૌકા બાબતે ચિઠ્ઠીઓ પાડી. જેના પરિણામે કેટલાક લોકોને નૌકાના ઉપરનો અને કેટલાકને નીચેનો ભાગ મળ્યો. આમ, જે લોકો નીચે હતા તેમને દરિયામાંથી પાણી લેવા માટે ઉપરવાળાઓની પાસેથી પસાર થવું પડતું. તેમણે વિચાર્યું કે કેમ ન આપણે આપણા ભાગમાં જ કાણું પાડી લઈએ, જેથી ઉપરવાળાઓને આપણા તરફથી કોઈ તકલીફ ન પડે ! હવે જો ઉપરવાળાઓ પણ નીચેવાળાઓને તેમનું મન-માન્યું કરવા દેશે, તો બધા નૌકાવાળા ડૂબીને મરી જશે અને જો ઉપરવાળા નીચેવાળાઓનો હાથ પકડી લે, તો તેઓ સ્વયં પણ બચી જશે અને બધા નૌકાવાળા પણ બચી જશે. (સહીહ બુખારી)

રાજ્ય સાથે વ્યક્તિનો સંબંધ સહયોગનો છે. ઈસ્લામે વ્યક્તિને મૂળભૂત અધિકારો આપ્યા છે અને રાજ્યને અલ્લાહના કાનૂનનું પાબંદ બનાવેલ છે, અને રાજ્યને શરીઅતે માન્ય કરેલ કોઈ કારણ વગર વ્યક્તિગત મામલાઓમાં હસ્તક્ષેપ કરવાની મનાઈ કરી છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

﴿ يَٰدَاوُۥدُ إِنَّا جَعَلْنَٰكَ خَلِيفَةً فِى ٱلْأَرْضِ فَٱحْكُم بَيْنَ ٱلنَّاسِ بِٱلْحَقِّ وَلَا تَتَّبِعِ ٱلْهَوَىٰ فَيُضِلَّكَ عَن سَبِيلِ ٱللَّهِ ﴿٢٦﴾ ﴾ ص: ٢٦

અનુવાદ : ''હે દાઊદ ! અમે તમને જમીનમાં ખલીફા (નાયબ) બનાવેલ છે, તેથી તું લોકોની વચ્ચે સત્યની

www.uzairfalahi.com

સાથે શાસન કર અને મનેચ્છાનું અનુસરણ ન કર કે તે તને અલ્લાહના માર્ગથી ભટકાવી દે.''
(સૂરઃ સૉદ, આ.૨૬)

ઈસ્લામે મુસલમાન માટે અમુક નૈતિક મૂલ્યો નિર્ધારિત કર્યા છે અને તેના પર એ ઈસ્લામી રાજ્યના આજ્ઞાપાલનને અનિવાર્ય ઠેરવેલ છે, જે અલ્લાહની શરીઅતને લાગુ કરે છે. તે આવા રાજ્યની સાથે ન કેવળ સહયોગ કરે, બલ્કે તેની સુરક્ષા માટે જાન-માલનું બલિદાન પણ આપે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«اسْمَعُوا وَأَطِيعُوا وَإِنِ اسْتُعْمِلَ حَبَشِيٌّ كَأَنَّ رَأْسَهُ زَبِيبَةٌ»

અર્થાત્, સાંભળો અને આજ્ઞાપાલન કરો, ચાહે તમારા પર હબ્શી ગુલામ જ શાસક કેમ ન હોય, જેનું માથું દ્રાક્ષની જેમ (અર્થાત્ નાનકડું) હોય. (બુખારી)

(૨) ઈસ્લામી રાજ્ય ઈસ્લામી સમાજનો એક ભાગ છે :

ઈસ્લામ નથી ઈચ્છતો કે ઈસ્લામી સમાજથી બહારનો કોઈ સમૂહ 'ઉમ્મતે મુસ્લિમા' (મુસ્લિમ સમુદાય) પર શક્તિના જોરે શાસન કરે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

﴿ يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓاْ أَطِيعُواْ ٱللَّهَ وَأَطِيعُواْ ٱلرَّسُولَ وَأُوْلِي ٱلۡأَمۡرِ مِنكُمۡۖ ﴿٥٩﴾ ﴾ النساء: ٥٩

અનુવાદ : ''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આજ્ઞાપાલન કરો અલ્લાહનું અને આજ્ઞાપાલન કરો રસૂલનું અને એ લોકોનું જેઓ તમારામાંથી આદેશ આપવાનો અધિકાર ધરાવતા હોય.'' (સૂરઃ નિસા, આ.૫૯)

અલ્લાહ તઆલાનું કથન 'مِنكُمۡ' શાસક અને શાસિત (પ્રજા)ના હક્ક અને જવાબદારીનું નિર્ધારણ કરે છે, અર્થાત્ ઈસ્લામી રાજ્ય મુસલમાનોનું હોય, ન કે બિનમુસ્લિમોનું. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ وَلَن يَجۡعَلَ ٱللَّهُ لِلۡكَٰفِرِينَ عَلَى ٱلۡمُؤۡمِنِينَ سَبِيلًا ﴿١٤١﴾ ﴾ النساء: ١٤١

અનુવાદ : ''અલ્લાહે કાફિરો (ઈન્કાર કરનારાઓ, અધર્મીઓ) માટે મુસલમાનો પર વર્ચસ્વ પ્રાપ્ત કરવાનો કદાપિ કોઈ માર્ગ રાખ્યો નથી.'' (સૂરઃ નિસા, આ.૧૪૧)

(૪) શિક્ષણ અને મૂલ્યો વચ્ચે સુસંગતતા :

ઈસ્લામી સંસ્કૃતિની વ્યવસ્થા, ચાહે તે નૈતિક હોય, કે આર્થિક, કે રાજકીય, તેમાંથી પ્રત્યેક બીજાઓને પ્રભાવિત કરે છે, અને પ્રત્યેક બીજાઓથી પ્રભાવિત થાય છે; ઉદાહરણાર્થ - શિક્ષણ અને નૈતિક મૂલ્યો વગર આર્થિક વ્યવસ્થા પોતાના અપેક્ષિત સ્થાન સુધી પહોંચી શકતી નથી અને ન લોકોની વચ્ચે પારસ્પારિક સહયોગને

www.uzairfalahi.com

પ્રસરાવી શકે છે. જો આવું થઈ જાય, તો રાજકીય એકમો અને સંસ્થાઓમાં સરળતાથી બગાડ ફેલાઈ શકે છે.

પશ્ચિમી કાનૂનોની તુલનામાં ઈસ્લામી કાનૂનોની વિશિષ્ઠતા :

પશ્ચિમી કાનૂનો તદ્દન બહુમતી લોકોના તાબે છે, ચાહે તે બહુમતી ખોટી હોય કે સાચી. આ જ બહુમતી કાનૂન બનાવે છે અને લોકો પર શાસન કરે છે. જ્યારે કે ઈસ્લામી વ્યવસ્થામાં અલ્લાહનું સાર્વભૌમત્વ ચાલે છે અને અલ્લાહ જ વાસ્તવિક શાસક છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

﴿ إِنِ ٱلْحُكْمُ إِلَّا لِلَّهِ ﴾ يوسف: ٤٠

અનુવાદ : ''સાર્વભૌમત્વ (શાસન કરવાની સત્તા) અલ્લાહ સિવાય કોઈના માટે નથી.''

(સૂરઃ યૂસુફ, આ.૪૦)

મુસ્લિમ સમુદાય અને ઈસ્લામી રાજ્ય અલ્લાહના આદેશો અને ફરમાનો પર અમલ કરવા માટે પાબંદ છે અને તેનાથી જ ખુશી, શાંતિ અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

www.uzairfalahi.com